


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ અંક : ૩ * * * સંવત ૨૦૮૨ ભાદરવા વદ બીજ, સોમવાર ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

## નીટ પેપર લીકની અસર

# NTA ઓફિસે CISFનો પહેરો

**સેન્ટ્રલ** ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સના 39 જવાનો હવે દેશની રાજધાનીમાં એનટીએ ઓફિસમાં તૈનાત રહેશે

**કર્મચારીઓ,** મુલાકાતીઓની તપાસ માટે એક્સ-રે બેગેજ સ્કેનીંગ મશીનો અને ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટરનો ઉપયોગ કરાશે

**નવી દિલ્હી, તા. 28 (PTI):** નીટ પેપર લીક અને વહીવટી ખામીઓને લઈને ભારે વિવાદ બાદ પોતાના કામકાજ તાજેતરમાં જ પોતાની નવી ઓફિસમાં શિફ્ટ કર્યા છે, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)ના પરિસરમાં 'ગોપનીય વિસ્તારો'માં કડક સુરક્ષા વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા માટે હવે સીઆઈએસએફ દ્વારા સુરક્ષા પૂરી પાડવામાં આવશે. એનટીએની ઓફિસમાં 39 સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF) ના કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

મિન્ટો રોડ પર ભારત સરકારના પ્રેસ બિલ્ડિંગના ગુપ્ત વિસ્તારોના પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોએ CISF કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. તેમની જવાબદારીઓમાં પ્રવેશ નિયંત્રણ અને સ્ક્રીનીંગનો સમાવેશ થશે. કર્મચારીઓ અને મુલાકાતીઓની તપાસ માટે એક્સ-રે બેગેજ સ્કેનીંગ મશીનો અને ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટરનો ઉપયોગ કરવામાં આવશે એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, ઈમારતના ગુપ્ત વિસ્તારોને અલગથી ચિહ્નિત કરવામાં આવ્યા છે. સંવેદનશીલ પરીક્ષા સંબંધિત સામગ્રીના રક્ષણ માટે સંપૂર્ણપણે સુરક્ષિત સિસ્ટમ સુનિશ્ચિત કરવા માટે આ વિસ્તારોમાં હિલચાલ અને કાર્ય પર કડક નજર

...અનુસંધાન પાના 2 પર

### દિલ્હીમાં NTAનું સંવેદનશીલ કાર્ય ઓખલાથી મિન્ટો રોડ તરફ ખસેડાયું

NTA એ તાજેતરમાં જ તેના જૂના ઓખલા ઓફિસથી મિન્ટો રોડ પરના નવા કેમ્પસમાં તેનું ગુપ્ત અને સંવેદનશીલ કાર્ય સ્થળાંતર કર્યું છે. NTA ને સરકારી માલિકીની ભારત પ્રેસ બિલ્ડિંગમાં 55,000 ચોરસ ફૂટથી વધુ સમર્પિત ઓફિસ જગ્યા ફાળવવામાં આવી છે. NTA ને પાંચમા માળ અને ઇમારતના ચોથા અને છઠ્ઠા માળના કેટલાક ભાગો ફાળવવામાં આવ્યા છે. પ્રેસ બિલ્ડિંગના અન્ય ભાગોમાં પહેલાથી જ CISF સુરક્ષા છે. હવે, NTA ના ગુપ્ત પરીક્ષા સંબંધિત ક્ષેત્રો માટે અલગ અને સમર્પિત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.





# સતત વરસાદથી નેપાળમાં પૂર, ભૂપ્રપાતની નવી ઘટનાઓ

**હજી** ઓગસ્ટ મહિનાની ઘોડાપૂરની આપત્તિની અસરો સામે દેશ ઝઝૂમી રહ્યો છે ત્યારે નેપાળભરમાં ગુરુવારથી સતત વરસાદ

**અનેક** મકાનો તણાયા, માર્ગ વાહન વ્યવહાર ખોરવાયો, અનેક નદીઓમાં પૂર

**કાઠમંડુ, તા. ૨૭ (PTI):** મીડિયા રિપોર્ટ અનુસાર, ગુરુવારથી નેપાળભરમાં થઈ રહેલા સતત ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને પૂરની નવી આપત્તિ સર્જાઈ છે. પૂરના પાણી અનેક ઘરોને તાણી ગયા છે અને માર્ગ વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે. હિમાલયન દેશ નેપાળ હાલ તે કુદરતી આફતની અસરોમાંથી બહાર આવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે, જેમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧,૪૫૩ લોકોના મોત થયા છે અને ૫,૦૦૦થી વધુ લોકો હજુ પણ ગુમ છે ત્યારે આ નવી આપત્તિ આવી છે.

'કાઠમંડુ પોસ્ટ' અખબારના અહેવાલ મુજબ, લુમ્બિની પ્રાંતના રૂપંદેહી જિલ્લાના બુટવલમાં શનિવારે રાત્રે તેનાઈ નદીમાં આવેલા પૂરે ભયજનક સપાટી વટાવતાં નદીકાંઠે આવેલા છ ઘરો તણાઈ ગયા હતા. એક પોલીસ અધિકારીને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે, ભારે વરસાદ વચ્ચે તેનાઈ અને આસપાસના નાળાઓમાં પાણીનું સ્તર વધતાં બુટવલમાં નદીકાંઠાના લગભગ ૨૦૦ ઘરો જોખમમાં મૂકાયા હતા. સુરક્ષાકર્મીઓએ રાતોરાત આશરે ૧,૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. અહેવાલમાં જણાવાયું છે કે, અધિકારીઓએ શરૂઆતમાં બુટવલ મહાનગરપાલિકા-૧૩ના ઉચ્ચ જોખમ ધરાવતા વિસ્તાર મઝુવાના આશરે ૫૦૦ નિવાસીઓને દુર્ગા મંદિર હોલ્ડિંગ સેન્ટરમાં ખસેડ્યા હતા. બાદમાં તેઓને બુટવલ-૧૧ ની વિવિધ શાળાઓમાં વધુ સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા.

શનિવારે રાત્રે આશરે ૮ વાગ્યે તેનાઈ નદી ભયજનક સપાટી વટાવી ગઈ હતી, જેથી સુરક્ષા દળોએ તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી શરૂ કરી દીધી હતી. રૂપંદેહી જિલ્લા વહીવટીતંત્રે નદીઓ અને નાળાઓ નજીક રહેતા લોકોને સતર્ક રહેવા અને પાણીની સપાટી વધુ વધે તો સુરક્ષિત સ્થળોએ ખસી જવા અપીલ કરી છે. જળવિજ્ઞાન અને હવામાનશાસ્ત્ર વિભાગના જણાવ્યા અનુસાર, દેવઘાટ ગેજ સ્ટેશન પર સવારે આશરે ૫:૧૫ વાગ્યે નારાયણી નદીની સપાટી ૯.૨૩ મીટરે પહોંચી ગઈ હતી. અહીં ચેતવણીનું સ્તર ૭.૩ મીટર અને ભયજનક સપાટી ૯ મીટર છે. માડી અને ચિતવન રાષ્ટ્રીય ઉદ્યાનની સીમા પર વહેતી રીઉ નદીની સપાટી ૩.૯૨ મીટરે પહોંચી હતી. કાઠમંડુ પોસ્ટ અનુસાર, તેનું ભયસૂચક સ્તર ૩.૪ મીટર અને ભયજનક સપાટી ૩.૮ મીટર છે.

## UPI સંબંધિત અરજી પર આજે સુપ્રીમમાં સુનાવણી

**નવી દિલ્હી, તા. 27 (PTI):** સર્વોચ્ચ અદાલત સોમવારે રૂ. 2,000થી વધુના નિર્દિષ્ટ યુપીઆઈ પર્સન-ટુ-મર્ચન્ટ (વ્યક્તિથી વેપારી) વ્યવહારો પર કેન્દ્ર સરકારના મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) લાદવાના નિર્ણયને પડકારતી અરજી પર સુનાવણી કરશે.

યુપીઆઈ પેમેન્ટ્સને લગભગ છ વર્ષ સુધી સંપૂર્ણપણે મફત રાખ્યા બાદ સરકારે 15 ઓક્ટોબરથી યુપીઆઈ પ્લેટફોર્મ દ્વારા વેપારીઓને કરવામાં આવતા રૂ. 2,000થી વધુના ટ્રાન્સફર પર 0.4 ટકા ફી દાખલ કરી છે, જ્યારે રોજિંદા પર્સન-ટુ-પર્સન (વ્યક્તિથી વ્યક્તિ) વ્યવહારો અને નાના પેમેન્ટ્સને કોઈપણ પ્રકારના શુલ્કમાંથી સ્પષ્ટપણે મુક્ત રાખવામાં આવ્યા છે.

રૂ. 75,000 અને તેથી વધુની ચુકવણીઓ માટે એમડીઆર મહત્તમ રૂ. 300 નક્કી કરાયા છે.

જરૂરી અને ઓછા માર્જિનવાળા ક્ષેત્રો – રેલવે, ટેલિકોમ, વીમા, ઈંધણ અને કૃષિ ઇનપુટ્સ – રૂ. 2,000થી વધુના પ્રત્યેક વ્યવહાર પર ફ્લેટ રૂ. 5 એમડીઆર ચૂકવશે.

મ્યુચ્યુઅલ ફંડ્સ, સિક્યોરિટીઝ તેમ જ સ્ટોકબ્રોકર્સ અને ડીલર્સ દ્વારા કરવામાં આવતી ચૂકવણીઓ પર 0.02 ટકા એમડીઆર લાગશે, જેની મર્યાદા પણ મહત્તમ રૂ. 300 રહેશે.

પર્સન-ટુ-પર્સન (પી2પી) ટ્રાન્સફર

...અનુસંધાન પાના 2 પર

# UPમાં વરસાદનો કહેર યથાવત: ત્રણ દિવસમાં 56નાં મોત, વ્યાપક નુકસાન

**ભારે** વરસાદથી એક હજારથી વધુ મકાનો ક્ષતિગ્રસ્ત, ઉભા પાકને નુકસાન

**રાજ્યમાંથી** પસાર થતી મોટાભાગની નદીઓની વધી રહેલી જળ સપાટી



**લખનૌ, તા. 27 (PTI).** ઉત્તર પ્રદેશમાં શુક્રવારથી અત્યાર સુધીમાં વરસાદ અને વાવાઝોડાને લગતી ઘટનાઓમાં ૫૬ લોકોનાં મોત થયા છે, જ્યારે સતત ત્રણ દિવસના ભારે વરસાદ બાદ અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, રાજ્ય પર રચાયેલું ડિપ્રેશન રવિવારે નબળું પડીને 'વેલ-માર્કડ લો પ્રેશર' એરિયામાં ફેરવાઈ ગયું હતું, જેનાથી વરસાદમાં થોડી રાહત મળી છે.

રાહત વિભાગના જણાવ્યા અનુસાર, મજબૂત પવનો અને ભારે વરસાદને કારણે વૃક્ષો અને વીજળીના થાંભલાઓ ધરાશાયી થઈ ગયા હતા તેમજ માર્ગો અને ગામડાઓ જળમગ્ન થઈ ગયા હતા, જેમાં એક હજારથી વધુ મકાનો અને ઊભા પાકને નુકસાન પહોંચ્યું હતું. આ વચ્ચે જળબંબાકારવાળા વિસ્તારોમાં ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવા માટે બચાવ ટુકડીઓ કામગીરી કરી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે, રવિવારે પૂરા થતા ૨૪ કલાકમાં સામાન્ય ૧.૮ મીમી વરસાદ સામે રાજ્યમાં ૪૫.૧ મીમી વરસાદ નોંધાયો હતો.

રાહત કમિશનરની કચેરી દ્વારા શેર કરવામાં આવેલા ડેટા અનુસાર, ૨૫ સપ્ટેમ્બરથી ૨૭ સપ્ટેમ્બરની સવાર વચ્ચે રાજ્યમાં વરસાદ અને વાવાઝોડા સંબંધિત બનાવોમાં ૫૬ લોકોના મોત થયા છે અને ૪૬ લોકો ઘાયલ થયા છે. ૬૦ કલાકના સમયગાળા દરમિયાન સૌથી વધુ સાત મોત સીતાપુરમાં નોંધાયા હતા, ત્યારબાદ લખીમપુર ખેરી, બહરાઇચ અને બલરામપુર (૫-૫) તથા અયોધ્યા અને ગોરખપુર (૪-૪)નો ક્રમ આવે છે. અધિકારીએ જણાવ્યું કે ૧,૦૨૧ મકાનોને નુકસાન થયું છે. સેન્ટ્રલ વોટર કમિશન (CWC) એ તેના 'ડેઈલી વોટર

...અનુસંધાન પાના 2 પર

# નેપાળમાં હિમલુંગ હિમાલ શિખર પર હિમપ્રપાત : 12 લાપતા

**શિખરના** બેઝ કેમ્પ ખાતે એક તંબુ પર બરફનો ઢગલો ધસી પડ્યો

**તંબુમાં** નવ પર્વતારોહકો અને તેમના 13 સહાયકો હતા



કાઠમંડુ, તા. ૨૭(પીટીઆઈ): નેપાળના મનાંગ જિલ્લામાં આવેલા હિમલુંગ હિમાલ શિખર પર રવિવારે હિમસ્ખલન થતાં આરોહકો સહિત ૧૨ લોકો ગુમ થઈ ગયા હોવાનું પોલીસે જણાવ્યું છે.

નાર ફૂ વિસ્તારમાં ૭,૧૨૬ મીટર ઊંચા હિમલુંગ હિમાલ શિખરના બેઝ કેમ્પ ખાતે આવેલા એક તંબુ પર હિમ ધસી પડતા થતાં તે દટાઈ ગયો હતો, જ્યાં નવ આરોહકો અને ૧૩ સહાયક કર્મચારીઓ આશ્રય લઈ રહ્યા હતા. આ ઘટના બાદ આશરે એક ડઝન જેટલા લોકો ગુમ થયા છે, તેમ આર્મ્ડ પોલીસ ફોર્સના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ શૈલેન્દ્ર થાપાએ જણાવ્યું હતું.

થાપાએ ઉમેર્યું હતું કે આ ઘટનામાં કેટલાંક લોકોનાં મોતના પણ અહેવાલ છે, સાથે જ તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ગુમ થયેલા તમામ લોકો નેપાળી નાગરિકો છે. બચાવ કામગીરી માટે ઘટનાસ્થળે હેલિકોપ્ટર રવાના કરવામાં આવ્યું છે અને વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે, તેમ તેમણે જણાવ્યું હતું. ગુમ થયેલા લોકો 'હિમાલયન હોલિડેઝ નેપાલ' અને 'ઈમેજિન નેપાલ ટ્રેક્સ' સાથે જોડાયેલા છે, જેમણે હિમસ્ખલન બાદ પોતાના સભ્યો સાથેનો સંપર્ક ગુમાવી દીધો હતો, તેમ HHNના એક અધિકારીએ

...અનુસંધાન પાના 2 પર

### તા. ૨૭-૦૯-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૭૯૨ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 33.૮ સે. | ૨૫.૪ સે. | ૭૧% |

# UN સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ માટે ભારતની દાવેદારીને રશિયાનો ટેકો

**વધારાની** બેઠકો જર્મની જેવા પશ્ચિમી દેશો અને જાપાનને ફાળવવાની વિચારણા સામે વિરોધ



**સંયુક્ત રાષ્ટ્ર, 27 સપ્ટેમ્બર (PTI):** રશિયાએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ(UNSC)માં કાયમી સીટ માટે ભારતની દાવેદારીનું સમર્થન કર્યું છે. રશિયાએ જણાવ્યું છે કે યુએન બોડીના કોઈ પણ સુધારામાં પશ્ચિમી દેશો, ખાસ કરીને જર્મની અને જાપાનને વધારાની સીટો ફાળવવાનો સમાવેશ કરી શકાય નહીં.

રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે યુએન મહાસભામાં પોતાના સંબોધનમાં કહ્યું કે, "અમારો સૈદ્ધાંતિક અભિગમ આ મુજબ છે: યુએન સુરક્ષા પરિષદના સુધારામાં પશ્ચિમી દેશો, ખાસ કરીને જર્મની અને જાપાન કે જેઓ હવે લશ્કરવાદ અને બદલાની ભાવનાના માર્ગ પર છે, તેમને કોઈ પણ વધારાની સીટો ફાળવવામાં આવી શકે નહીં. તેમણે ઉમેર્યું, અમે એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના પ્રતિનિધિત્વને વિસ્તારવાની તરફેણમાં છીએ. અમે કાયમી સીટ માટે બ્રાઝિલ અને ભારતની દાવેદારીનું સમર્થન કરીએ છીએ, અને તેની સાથે જ, હું આ બાબત પર ભાર મૂકવા માંગુ છું: આપણે આફ્રિકન ખંડના હિતોને સંતોષવા જ પડશે. લાવરોવે વધુમાં જણાવ્યું કે રશિયા પોતાની વિદેશ નીતિ દ્વારા પોતાના સહયોગીઓ અને વ્યૂહાત્મક ભાગીદારો: બ્રિક્સ, એસસીઓ અને યુરેશિયન

...અનુસંધાન પાના 2 પર

# પોતાના મોડેલ્સના અણધાર્યા વર્તનથી OpenAIએ નવા મોડેલ્સની ટ્રેનિંગ અટકાવી

**અમેરિકી** સરકારની વેબસાઇટોમાંથી માહિતી એકત્ર કરતી વખતે કેટલાક મોડેલોએ અણધારી વર્તણૂક કરી હોવાનું જણાયું હતું

**ન્યૂ યોર્ક, તા. 27 (AP):** AI એજન્ટ્સ નિયંત્રણ બહાર જવાના કિસ્સાઓ વધી રહ્યા હોવાના અહેવાલો વચ્ચે OpenAIએ જણાવ્યું છે કે તેણે તેના સાવ નૂતન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મોડલ્સનું ટ્રેનિંગ પ્રક્રિયા સ્થગિત કરી દીધી છે.

વિકાસ અટકાવવાનો આ નિર્ણય કંપની દ્વારા શુક્રવારે એ વાત જાહેર કર્યાના ગણતરીના કલાકોમાં જ આવ્યો છે કે તે ઉનાળા દરમિયાન બનેલી એવી કેટલીક ઘટનાઓની સમીક્ષા કરી રહી હતી જેમાં ફેડરલ ગવર્નમેન્ટની વેબસાઇટ્સ પર સર્ચ કરી રહેલા ઓપનએઆઈ એજન્ટ્સે માહિતી એકત્રિત કરતી વખતે અને તેનું વિતરણ કરતી વખતે તેમની પાસેથી જે માંગવામાં આવ્યું હતું તેનાથી આગળ વધીને અણધાર્યા વર્તનો કર્યા હતા. અલગથી, AI મૂલ્યાંકનકાર 'ટ્રાન્સલુસ'એ જણાવ્યું હતું કે ઓપનએઆઈ તરફથી આવ્યા હોય તેવા લાગતા એજન્ટ્સે શિક્ષણ વિભાગની વેબસાઈટ હેક કરવાનો




નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, જે વિગતની ઓપનએઆઈ દ્વારા પુષ્ટિ કરવામાં આવી નથી.

ઓપનએઆઈએ એક નિવેદનમાં જણાવ્યું છે કે જ્યારે તેને ખાતરી થશે કે તેમની પાસે વધારાના સુરક્ષાત્મક પગલાં ઉપલબ્ધ છે ત્યારે જ તે ટ્રેનિંગ ફરી શરૂ કરશે. વધુમાં ઉમેર્યું હતું કે AIનો વિકાસ થશે અને અન્ય સમસ્યાઓ ઊભી થશે ત્યારે તેણે ફરીથી વિરામ લેવો પડશે તેવી અપેક્ષા છે.

AI લેબ્સ કાયદા ઘડનારાઓ અને ટેક નિષ્ણાતો તરફથી વિકાસની ગતિ ધીમી કરવા માટે દબાણનો સામનો કરી રહી છે, જેથી તેઓ એવા સુરક્ષા કવચ બનાવી શકે જે એજન્ટ્સને પોતાની મરજીથી કામ કરતા, વેબસાઈટ્સ હેક કરતા અને બિન-જાહેર માહિતી જાહેર કરતા રોકી શકે. ઓપનએઆઈ અને તેની હરીફ કંપની 'એન્થ્રોપિક' - બંનેના વડાઓએ પણ ગતિ ધીમી કરવાની અપીલ કરી છે.